# રાયસણ મારામારી કેસમાં ૬ શખ્સો સામે ગુનો નોંધાયો


ગાંધીનગર, તા.૨૮
ગાંધીનગર-કોબા માર્ગ પર આવેલા રાયસણ ખાતે યુવકોના બે જુથ વચ્ચે મારામારીની ઘટના સર્જાઈ હતી. આ બનાવને પગલે વેપારીઓમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. ઘટનામાં ઈજાગ્રસ્ત રાયસણના સન્ની અમરતભાઈ પટેલ દ્વારા રીઝવાન કમરૂદીન શેખ, અભિજીતસિંહ, સોહેલખાન તેમજ અન્ય ત્રણ ઈસમો સામે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધવતા પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી ફરાર આરોપીઓને પકડી પાડવા માટે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ સામાન્ય અવાજ અંગે માથાકુટ બાદ રીઝવાને ફરીયાદી સન્નીને લાફો ઝીંકી દીધો હતો. ત્યારબાદ મામલો વધુ ગરમાયો હતો. ત્યારે ગેમ ઝોનમાંથી બહાર નીકળ્યા બાદ રીઝવાન સહિતના અન્ય ૬ શખ્સો સન્ની પટેલ, રૂષી પટેલ અને દિપક પટેલને મારવા માટે તુટી પડ્યા હતા.

મારમારીની ઘટનામાં સામાપક્ષે આરોપી અભિજીતસિંહ પણ ઈજાગ્રસ્ત થતા તેને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો છે. ત્રણેય આરોપીઓએ ઢોરમાર મારીને આરોપી એક કારમાં ફરાર થઈ ગયા હતા.જયારે રિઝવાન શેખની જી.જે.૧૮. બી.કે.૨૯૩૯ નંબરની સ્કોર્પિયો કાર ત્યાં જ રહી ગઈ હતી. જેમાં નાગરીકોએ તોડફોડ કરી હતી. ઘટનાને પગલે બિઝમને પાર્ક કોમ્પ્લેક્ષમાં આવેલી તમામ દુકાનો બંધ રહી હતી. જયારે પોલીસે કેટલાક વેપારીઓને બોલાવી સીસીટીવી ફુટેજ એકઠા કરીને તપાસ આગળ વધારી છે.

જયારે આજે બિઝનેસ પાર્કના તમામ વેપારીઓએ પોતાની દુકાન બંધ રાખી હતી. ત્યારે રાયસણ પીડીપીયુ માર્ગ પર ભરચક વિસ્તારમાં આ પ્રકારની ઘટના બનતા વેપારીઓમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હાથી પગાથી મને તો ફાયદો થઈ ગયો... બધાને એમ જ કહું છું, હું આટલી બધી જાડી નથી... હાથી પગાની અસર છે...

# વિધાનસભાની સાથે સાથે...

### ડેરી ફાર્મ અંતર્ગત ૧૭૮૧ અરજીઓ આવી : બચુભાઈ

પશુપાલન રાજ્ય મંત્રી બચુ ખાબડે જણાવ્યું છે કે, પશુપાલનને પ્રોત્સાહિત કરવાના હેતુથી ૧૨ દુધાળા પશુઓના ડેરી ફાર્મ સ્થાપવા અંતર્ગત ૩,૨૨૫ અરજીઓ થયેલ હતી જેમાંથી ૧,૭૮૧ અરજીઓ મંજૂર કરી ૪૧.૨૭ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. રાજ્યમાં ૧૨ દુધાળા પશુઓને એક એવા ડેરી ફાર્મ યોજના અંતર્ગત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ બનાસકાંઠા જિલ્લાના ૫૦૧ અરજીઓ પૈકી ૪૭૨ મંજૂર કરી છે અને ૩૧૪ માટે ૭.૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

### મહિસાગરમાં ૩.૫૭ કરોડની ગણવેશ સહાય ચૂકવાઇ

મહિસાગર જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ મળેલી અરજી સંદર્ભે વિધાનસભા ગૃહમાં પુછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તર આપતા સામાજિક, ન્યાય અને અધિકારીતા વિભાગના રાજ્યકક્ષાના મંત્રી વાસણ આહિરે જણાવ્યું હતું કે, ૩૧ ડીસેમ્બર ૨૦૧૯ની સ્થિતિએ વર્ષ-૨૦૧૯-૨૦માં મહિસાગર જિલ્લામાં ૫૯,૬૦૫ વિદ્યાર્થીઓને ૩,૫૭,૬૩,૦૦૦ની ગણવેશ સહાય ચૂકવવામાં આવી છે. પ્રાથમિક શિક્ષણને પ્રોત્સાહન પૂરું પાડવાનો ઉદ્દેશ સાથે રાજ્યભરમાં ગણવેશ સહાય યોજના અમલમાં છે.

### નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગો પ્રત્યે રાજ્ય સરકાર કટિબદ્ધ

વિધાનસભા ગૃહમાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના વિષયે પુછાયેલ પ્રશ્નનો ઉત્તર આપતાં સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ઈશ્વર પરમારે કહ્યું હતું કે, રાજ્ય સરકાર વૃદ્ધો અને દિવ્યાંગો પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ છે.

રાજ્ય સરકાર દ્વારા નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોના ઉત્થાન માટ ઘણી યોજનાઓ ઘડવામાં આવી છે. નિરાધાર વૃદ્ધોને નાણાકીય સહાય તથા બરોજગાર દિવ્યાંગોને બેરોજગાર ભથ્થુ મળી રહે તેવા ઉમદા હેતુથી રાજ્ય સરકાર દ્વારા નિરાધાર વૃદ્ધ સહાય યોજના અમલી બનાવવામાં આવી છે. પૂછાયેલ પરક પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં મંત્રી પરમારે જણાવ્યું હતું કે, વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ કુલ ૧,૮૦૬ અરજીઓ પ્રાપ્ત થઈ છે. જેમાંથી ૧,૭૭૫ અરજીઓ મંજૂર કરી ૧,૧૬,૫૪,૨૫૦/-ની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી છે.

# ઈલેકટ્રીસીટી કોર્પોરેશનની ભરતીમાં લાયકાત બાબતે આક્રોશ

### ફક્ત ડિપ્લોમાં ધારકો જ ઉમેદવારી કરી શકશે તેવો સ્પષ્ટ નિર્દેશ : ડિપ્લોમાંથી ડિગ્રી કરેલા વિદ્યાર્થીઓને અન્યાય થતા ઉચ્ચકક્ષાએ રજુઆત

ગાંધીનગર, તા. ૨૮
રાજ્યભરમાં વિવિધ ક્ષેત્રો દ્વારા મોટાપાયે ભરતી થઈ રહી છે. જેમાં હાલ ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. વડોદરાએ વિદ્યુત સહાયકની ભરતી કરવા જાહેરાત બહાર પાડી છે. કોર્પોરેશનની આ જાહેરાતમાં ફક્ત ડિપ્લોમાં ધારકો જ ઉમેદવારી કરી શકશે તેવુ સ્પષ્ટ જણાવાયુ છે તેમજ ડિપ્લોમાં પછીની ઉચ્ચ લાયકાત ધરાવનાર આ ભરતીમાં ભાગ લઈ શકશે નહિ. જેથી ડિપ્લોમાં પછી ડિગ્રી કરેલા વિદ્યાર્થીઓમાં અન્યાયની લાગણી સાથે ભારે આક્શ જોવા મળી રહ્યો છે અને આ અંગે ફેરફાર કરવા ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવી છે.

રાજ્યમાં પાવર જનરેસન કરતી ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.ની કચેરીઓ તથા પાવર પ્લાન્ટના ગુજરાતમાં આવેલ વિવિધ સ્થળોએ વિદ્યુત સહાયક (પ્લાન્ટ એટેન્ડટ ગ્રેડ-૧)ની ભરતી માટે જાહેરાત બહાર પાડવામાં આવી છે. જેમાં ઈલેકટ્રીકલ એન્જીનીયરની પોષ્ટ માટે ૧૧૧ અને મીકેનીકલ એન્જીનીયરની પોષ્ટ માટે ૬૬ પદો ઉપલબ્ધ છે. આ પદો માટેની ભરતીમાં ફક્ત ડિપ્લોમાં કરનાર જ અરજી કરી શકશે તેવુ સ્પષ્ટ જણાવાયુ છે અને ઉચ્ચ લાયકાત ધરાવનાર જો અરજી કરશે તો તે અમાન્ય ઠરશે તેવું જણાવ્યુ છે વધુમાં ભરતી પ્રક્રિયામાં પસંદગી પામનારે રૂ. ૩૦૦ સ્ટેમ્પ ઉપર સોગંદનામુ કરી તેઓ ડિપ્લોમાંથી વધુ લાયકાત ધરાવતા નથી તેવુ જાહેર કરવુ પડશે તેવો ઉલ્લેખ જાહેરાતમાં કરવામાં આવ્યો છે.



વિધાનસભામાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ દ્વારા રજૂ કરવામાં આવેલ બજેટમાં અંકે રૂ. ૫ કરોડ ગુજરાત બાર કાઉન્સિલને ફાળવણી કરવામાં આવી છે. આ નિર્ણયથી ગુજરાતના તમામ વકીલોમાં આનંદની લાગણી વ્યાપી છે. આ સંદર્ભે ગુજરાત પ્રદેશ લીગલ સેલના પ્રમુખ જે.જે. પટેલ, ચેરમેન સી.કે. પટેલ, શંકરસિંહ ગોહિલ તથા ગાંધીનગર બાર એસો.ના પ્રમુખ લાલસિંહ ગોહિલ આ સાથે તમામ વકીલ દ્વારા સરકારનો આભાર માનવામાં આવ્યો છે.



ઉનાળાનો અહેસાસ શહેરમાં થઈ રહ્યો છે ત્યારે માણસો પણ ગરમીથી બચવા ઠંડક સાથે પાણીનું પ્રમાણ વધારી રહ્યા છે ત્યારે સાપને પણ આ ઋતુમાં ઠંડક વાળી જગ્યા પર રહેવું ગમે છે. શહેરના સે-૫ ખાતે સાપ હોવાનું જણાતા સાપ પકડવાના અનુભવી વાવોલના ફુલદીપ મુડેઠિયાને બોલાવવામાં આવ્યા હતા. જેમણે સાપની જગ્યાએ ભંફોડી નામનું પ્રાણી પકડી પાડયું હતું.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિની આજે બેઠક મળી હતી.
- ગાંધીનગર જિલ્લાની ૧૨૨ સરકારી પ્રાથમિક શાળામાં રમત ગમતના મેદાનની સુવિધા નથી તેમ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાના લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર.આર. રાવલે જે શાખાધિકારીઓ બેઠકમાં હાજર રહ્યા ન હતા તેમને નોટીસ આપવાનો નિર્ણય કર્યો છે.
- ગાંધીનગર શહેરમાં પ્લોટોની હરાજી યોજવાની વિચારણા સરકાર દ્વારા હાથ ધરાયાની વાતોએ બજારમાં ગરમી જમાવી છે.
- રાજ્ય વિધાનસભા ગૃહમાં રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપવા રાજયના મુખ્યમંત્રી શ્રી રૂપાણી ઉભા થયા ત્યારે પ્રેક્ષક દીર્ધામાં બેસી તેમના ધર્મપત્ની અંજલિબેન રૂપાણીએ પણ ગૃહની કાર્યવાહી નિહાળી હતી.
- ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટ લાઈટની સમસ્યાની ફરિયાદો દિવસે દિવસે વધી રહી છે તેમજ ગટરલાઈનો ભરાઈ જવાની ફરિયાદો પણ તંત્ર માટે શિરદર્દ બની છે.

# શરણ રેસીડેન્સી સ્થિત આશાપુરા ટેડર્સમાંથી ૩ લાખથી વધુની ચોરી

ગાંધીનગર, તા.૨૮
ગાંધીનગર શહેરમાં તસ્કરો તરખાટ મચાવી રહ્યા છે. રહેણાંક વિસ્તાર અને દુકાનોમાં ચોરી કરીને ચોર ઈસમો બિન્દાસ ફરાર થઈ જાય છે. પોલીસ બંદોબસ્તમાં વ્યસ્ત હોય છે તેવા સમયે ચોર ઈસમો ચોરી કરવામાં વ્યસ્ત રહેતા હોય તેમ લાગી રહ્યું છે.

તાજેતરમાં ન્યું વાવોલ વિસ્તારની એક સોસાયટીના ૬ મકાનના તાળા તુટયા હતા. સરગાસણની સોસાયટીઓ અને ફેલટ પણ સલામત રહ્યા નથી . ત્યારે અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ સરગાસણ વિસ્તારમાં સ્વાગત ફલેમીંગોની પાછળ આવેલ શરણ રેસીડન્સી સ્થિત આશાપુરા ટ્રેડર્સની દુકાનમાં તસ્કરો ત્રાટકયા હતા. ગુટખા અને સોપારી અને પાનમસાલાનો હોલસેલ વેપાર કરતા વેપારીની દુકાનનું શટર ઉંચુ કરીને અંદર ઘુસેલા ચોર ઈસમોએ દુકાનમાં રહેલા રોકડા રૂ. ૩ લાખની વધુની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. બનાવ અંગે પોલીસે ઘટના સ્થળે જઈને તપાસ કરી હતી. જો કે મોડી સાંજ સુધી આ અંગે કોઈ ફરીયાદ નોંધાવા પામી નથી.



# બોર્ડની પરીક્ષા આપતા બાળકની માથે ઉભા રહેવા કરતા વાલીએ ત્રાંસી આંખે નજર રાખવી : ડૉ. ગૌરાંગ થાનકી

### પરીક્ષાના એક કલાક પહેલા કાંઈ જ વાંચવુ નહિ બાળકોએ આ સમય દરમિયાન પૂરતી ઉંઘ લેવી

ગાંધીનગર, તા. ૨૮
ગુજરાત બોર્ડ દ્વારા લેવાતી ધો. ૧૦ અને ધો. ૧૨ની પરીક્ષા આવવાને હવે થોડા જ દિવસો બાકી રહ્યા છે ત્યારે શહેરના વિદ્યાર્થીઓ અને વાલીઓ આવનાર બોર્ડની પરીક્ષાને લઈને સજાગ જણાઈ રહ્યા છે. વાલીઓને ચિંતા છે કે તેમનું બાળક પરીક્ષામાં કેવુ પરફોમન્સ આપશે અને બાળકને ચિંતા છે કે પરીક્ષાનું પેપર કેવુ હશે? સરળ હશે કે અઘરૂ ?

આ આવનાર બોર્ડની પરીક્ષા બાબત સાથે વાલીઓ અને બાળકોને પરીક્ષા દરમિયાનની મનોસ્થિતિને સંભાળવા બાબતે ધ્યાનમાં રાખવાની બાબતો અંગે શહેરના જાણીતા મનોવૈજ્ઞાનિક ડૉ. ગૌરાંગ થાનકીને ગાંધીનગર સમાચાર સાથેની મુલાકાતમાં જણાવ્યું છે કે અમારા પાસે છેલ્લા બે વર્ષથી મોબાઈલ ગેમ એડીક્શનના કેસ આવે છે. જેમાં બાળકો પરીક્ષા સમયે પણ મોબાઈલ છોડી શકતા નથી. હું મારા પાસે આવનાર તથા શહેરના તમામ વાલી કે જેમના બાળકો બોર્ડમાં છે તેમને કહીશ કે વાલીઓ જેમ કરતા આવ્યા છે તેમ તમારા બાળકોને સપોર્ટ કરો. બાળક પર ભરોસો રાખવો, અંતિમ તબક્કામાં કોઈ પ્રેશર બાળકને ન આપશો. પરીક્ષા બાદ બાળક પાસે તુ શુ કરીશ એ બાબતની ચર્ચા ન કરવી, બાળક પૂરતી ઊંઘ અને ખોરાક લે તેની તકેદારી રાકવી. બાળકની માથે ન ઉભા રહેવા કરતા ત્રાંસી આંખે તેના પર નજર રાખવી જેથી બાળકને વાલીઓ તરફથી કોઈ પ્રેશર ન લાગે.

ડૉ. થાનકી દ્વારા બાળકોને સંદેશ આપવામાં આવ્યો છે કે વર્ષ દરમ્યાન બાળક એ જે મહેનત કરી હોય તેનો ભરોશો રાખવો. બાળકે પોતાના પર પણ ભરોશો રાખવો. છેલ્લી ઘડીએ બધુ જ વાંચવુ છે અને સમગ્ર કોર્સ જોઈ લેવો છે તેવી જીદ ન કરવી. પરીક્ષાના દિવસોમાં બને તેટલો સ્ટ્રેસ ફ્રી રહી પૂરતી ઊંઘ કરવી. બીજાએ કેટલુ વાંચ્ હશે તે વિચાર્યા કરતા મગજને શાંત રાખવુ અને પોતે વાંચેલુ મગજમાં રાખવુ, પરીક્ષાના દિવસ દરમ્યાન પરીક્ષા શરૂ થવાના ૧ કલાક પહેલા કાંઈ જ વંચવુ નહિ. આવુ કરવાથી સ્ટ્રેસ ફ્રી તો રહેવાશે આ સાથે પરીક્ષામાં તમારૂ પરફોમન્સ પણ સુધરી જશે.



ડો. ગૌરાંગ થાનકી
(મનો ચિકિત્સક)
જેટલી સરળતાથી પરીક્ષા આપશો એટલુ વધુ સારૂ પરીણામ આવશે

### બાળ મજુરી નાબુદી અંગે રાજ્ય સરકાર કટિબદ્ધ

શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું છે કે રાજ્યમાં બાળ મજુરી નાબુદી થાય તે માટે રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કરીને સમય બધ્ધ આયોજન કર્યું છે રાજ્યના તમામ જિલ્લાઓમાં ફોર્સની રચના કરીને બાળમજુરી અંગે સમયાનુસાર ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવે છે અને જનજાગૃતિના પ્રયાસો પણ હાથ ધરાઈ છે. આજે વિધાનસભા ખાતે બોરસદ તાલુકામાં ઈટોના ભઠ્ઠામાં બાળમજૂરી અંગેની ફરિયાદના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રી ઠાકોરે ઉમેર્યું કે આણંદ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં બાળમજૂરી ચકાસણી અંગે ૨૯ સંસ્થાઓની ચકાસણી કરીને કસૂરવારો સામે ૮ થી ૧૦ એફઆઈઆર નોંધાઈ છે. તેમણે કહ્યું કે તમામ જિલ્લામાં જિલ્લા કલેકટરના અધ્યક્ષે રચાયેલ આ ટાસ્ક ફોર્સમાં ૧૦ થી ૧૨ ઉચ્ચ અધિકારીઓનો સમાવેશ કરાયો છે જેની રીવ્યુ બેઠકો નિયમિત યોજાય છે અને જિલ્લામાં જનજાગૃતિ આવે તે માટેના કાર્યક્રમોનું સ્થાનિક કક્ષાએ આયોજન કરાય છે. આણંદ જિલ્લામાં જનજાગૃતિ માટે રૂપિયા ૩.૭૭ લાખની ફાળવણી કરાઈ છે.



ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે માલધારી સમાજના ધરણા

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી છેલ્લા કેટલાક સમયથી વિવિધ આંદોલનકારીઓથી ભરાયેલી હતી. ત્યારે થોડા સમય પહેલા તમામ આંદોલનકારીઓને સરકાર તરફથી હકારાત્મક વલણ દાખવતા આંદોલનો સમેટાયા હતા. ત્યારે ફરીવાર છાવણી ખાતે માલધારી સમાજના આગેવાનો વિવિધ પડતર માંગણીઓ સાથે આંદોલન ચલાવી રહ્યા છે.

# હાર્દિક પટેલને સુપ્રીમ કોર્ટની મોટી રાહત

ધરપકડથી બચવા માટે છેલ્લા ઘણા સમયથી ભૂગર્ભમાં ઉતરી ગયેલાં હાર્દિક પટેલ માટે અત્યંત રાહતના સમાચાર છે. સુપ્રીમ કોર્ટે હાર્દિક પટેલને મસમોટી રાહત આપી છે. સુપ્રીમ કોર્ટે ૨૦૧૫ના પાટીદાર આંદોલન કેસમાં હાર્દિક પટેલને ૬ માર્ચ સુધી આગોતરા જામીન આપ્યા છે. એટલું જ નહીં આ સાથે સુપ્રીમ કોર્ટે પાટીદાર આંદોલન દરમિયાન થયેલી હિંસા મામલે એફઆઈઆર રદ કરવાની અનુરોધવાળી હાર્દિક પટેલની અરજી પર ગુજરાત સરકાર પાસેથી જવાબ પણ માગ્યો છે.

સુપ્રીમ કોર્ટમાં હાર્દિક પેટેલની અરજી પર સુનાવણી કરતાં જસ્ટિસ યૂ. યૂ. લલિત અને જસ્ટિસ વિનીત સરની બેન્ચે ગુજરાત સરકારને નોટિસ જાહેર કરી છે. સાથે બેન્ચે કહ્યું કે મામલો ૨૦૧૫માં નોંધવામાં આવ્યો હતો અને તપાસ હજુ સુધી પેન્ડિંગ છે. તમે પાંચ વર્ષથી આ મામલો બેસી ન રહી શકે. હાર્દિક પટેલની આગેવાનીવાળી પાટીદાર અનામત આંદોલન સમિતિએ અનામત માટે અમદાવાદમાં એક મેગી રેલી યોજી હતી અને ગેરકાયદેસર રીતે એકત્ર થવા માટે એક એફઆઈઆર નોંધવામાં આવી હતી કારણ કે પોલીસે દાવો કર્યો હતો કે આ રેલી માટે મંજૂરી આપવામાં આવી ન હતી. આ પહેલા કોર્ટમાં ગેરહાજર રહી કાનૂની કાર્યવાહીને જાણી જોઈને વિલંબમાં નાખી મુદતમાં હાજર ન રહેતા હાર્દિકની વિરમગામમાંથી ધરપકડ થયા બાદ હાર્દિક પટેલે કોર્ટમાં લેખિતમાં બાંહેધરી આપી હતી કે હવે તે કોર્ટમાં હાજર રહેશે. આ બાહેંધરીના આધારે કોર્ટે તેમના જામીન મંજૂર કર્યા હતા. જોકે આમ છતાં હાર્દિક ગેરહાજર રહેતા કોર્ટે તેની સામે વોરંટ કાઢ્યું હતું.



# આલમપુર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સબયાર્ડ ખાતે કિસાન, ક્રેડીટ કાર્ડ મેગા કેમ્પ યોજાયો

જિલ્લા પંચાયત જિલ્લા ખેતીવાડી શાખા આયોજિત પી.એમ. કિસાન યોજના અંતર્ગત કિસાન ક્રેડિટ કાર્ડ મેગા કેમ્પ ૨૭મી ફેબ્રુઆરી આલમપુર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ શાકમાર્કેટ સબયાર્ડ હોલમાં યોજાયો હતો. આ કેમ્પમાં ચિલોડા વિસ્તારના આસપાસના ૧૦૧૦ ખેડૂતોએ કાર્ડ માટેના આધાર પુરાવા, ૭/૧૨, ૮-અની નકલ, વાવેતર કરેલ પાકની વિગત, પાસબુકની નકલ સાથે સવારે ૯ થી ૫ વાગ્યા સુધી ફોર્મ ભરવા વિવિધ બેંકો જેવી કે બેંક ઓફ બરોડા, બેંક ઓફ ઈન્ડિયા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, લીંક બેન્ક, એ.ડી.સી. બેંકના અધિકારીઓ સહિત જિલ્લા ખેતીવાડી અધિકારી ડી.પી. જાદવ, અનિષભાઈ ભટ્ટ, વિસ્તરણ અધિકારી, ગ્રામ સેવકોની હાજરીમાં કુલ ૧૦૧૦ ખેડૂતોને કે.સી.સી. કાર્ડ માટેના ફોર્મ ભરી બેંકોમાં જમા કરાયા હતા. આ કેમ્પમાં મોટી સંખ્યામાં ખેડૂતોએ લાભ લીધો હતો.

### ઓદ્યોગિક એકમોમાં રોજગારીને પ્રાથમિકતા

ઔદ્યોગિક એકમોમાં સ્થાનિક યુવાનોને વર્ષ-૧૯૯૫ના ઠરાવ મુજબ ૮૫ ટકા રોજગારી અપાવવા રાજ્ય સરકાર સંપૂર્ણ કટિબદ્ધ છે. યુવાનોને મહત્તમ રોજગારી મળી રહે તે હેતુથી ભરતી રોજગાર મેળાઓનું આયોજન કરવામાં આવે છે. ગુજરાતમાં આવેલ મારૂતિ સુઝુકીના પ્લાન્ટમાં ૧૪૫૩ સુપરવાઈઝરની જગાઓ સામે ૩૪૮ સ્થાનિક લોકોને રોજગારી આપી છે. હીરો હોન્ડા કંપનીમાં ૪૦૮ સુપરવાઈઝરની જગ્યા સામે ૧૫૨ યુવાનોને રોજગારી આપી છે. વિધાનસભા ગૃહમાં બહેચરાજી તાલુકાના સ્થાનિકોને રોજગારી આપવા અંગે ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં શ્રમ અને રોજગાર મંત્રી જણાવ્યું હતું. તા.૩૧ માર્ચ-૧૯૯૫ના ગુજરાત સરકારના ઠરાવ મુજબ સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી આપવામાં જે લોકો ૧૫ વર્ષ અથવા તેનાથી વધુ સમયથી જે તે વિસ્તારમાં રહેતા હોય તેને આ સ્થાનિકોની વ્યાખ્યામાં સમાવવામાં આવે છે.

### મોભીના આકસ્મિક નિધન માટે સહાય કરવા સંકટમોચન યોજના

સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું છે કે, ગરીબ પરિવારના મોભી-મુખ્ય કમાનાર વ્યક્તિનું આકસ્મિક નિધન થાય ત્યારે તેના કુટુંબીજનોને મદદરૂપ થવા રાજ્ય સરકાર દ્વારા અમલી સંકટમોચન યોજના સાચા અર્થમાં આશીર્વાદ રૂપ પુરવાર થઈ રહી છે. આજે વિધાનસભા ખાતે છોટાઉદેપુર જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ ૪૨૦ લાભાર્થીઓને ૮૪ લાખની સહાય ચૂકવાઈ છે.


ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા
વર્ષ ૨૦૨૦-૨૦૨૧
**ગાંધીનગર મહાનગરપાલિકા**
બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં નીચે દર્શાવ્યા મુજબના કામ માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી તા. ૧/૪/૨૦૨૦ થી તા. ૩૧/૩/૨૦૨૧ના સમય માટે ઠરાવેલ ટેન્ડરમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફીની રકમ | ઈએમડીની રકમ |
|---|---|---|---|
| ૫૦ | ગાંધીનગર મહાનગરપાલિકા કચેરીમાં જુદી જુદી શાખાઓ માટે આઉટ સોર્સીંગથી (૧) વહીવટી કીમગીરી (૨) સર્વે, અન્દાજો, આયોજન, ક્ષેત્રિય સહિતની જુદી જુદી પ્રકારની તાંત્રિક (સીવીલ, મિકેનિકલ) કામગીરી (૩) સોલીડવેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત વિભિન્ન પ્રકારની કામગીરી (૪) ઢોર ત્રાસ અંકુશ સંબંધિત કામગીરી તેમજ સેવાકીય કામગીરી વગેરે સારૂ વિવિધ પ્રકારના જરૂરી તથા યોગ્ય લાયકાતવાળા માણસો મુકીને તેમનાથી કામગીરી કરાવી આપવા અંગેનું કામ. | ૫,૦૦૦/- | ૨,૭૦,૦૦૦/- |

ટેન્ડર ફોર્મ તા. ૨૯/૨/૨૦૨૦થી તા. ૨૦/૩/૨૦૨૦ સુધી સમય ૧૮.૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે. અને ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઈટ www.gandhinagarmunicipal.com ઉપરથી જોઈ શકાશે. પ્રિબિડ મિટીંગ તા.૧૧/૩/૨૦૨૦ સમય : ૧૫.૦૦ કલાકે મહાનગરપાલિકા કચેરીમાં રહેશે. ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના કોઈપણ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનિકલ બીડ તા. ૨૧/૩/૨૦૨૦ સુધીમાં રજીસ્ટર પોસ્ટથી બપોરના ૧૭.૦૦ કલાક સુધીમાં મોકલવાના રહેશે. ટેન્ડર માટે ટેન્ડરફીની રકમ તથા બાનાની રકમ (ઈએમડી)ની ડીમાન્ડ ડ્રાફ્ટ તા. ૨૩/૩/૨૦૨૦ સમય ૧૭.૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મળેલ હશે તેની જ ઓફરો ખોલવામાં આવશે. ટેકનીકલ બીડ ઓપનીંગ તા. ૨૪/૩/૨૦૨૦ના રોજ ૧૨.૦૦ કલાકે કરવામાં આવશે. ઓનલાઈન ભાવો ઓપનીંગ તા. ૨૬/૩/૨૦૨૦ના રોજ ૧૧.૦૦ કલાક કરવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર
તા. ૨૮/૨/૨૦૨૦
માહિતી/૨૪૨૦/૧૯-૨૦

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા